# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં હાર્દિક સ્વાગત

આશ્રમ એક એવું પવિત્ર સ્થાન છે, જે સાધકના આધ્યાત્મિક વિકાસ અર્થે સાનુકૂળ વાતાવરણ પ્રદાન કરવાના લક્ષપૂર્વક નિર્મિત કરવામાં આવ્યું છે. આશ્રમનિવાસ દરમ્યાન આપનો અનુભવ સુખકારી બનાવવા અર્થે અમુક સૂચનો અહીં દર્શાવ્યાં છે.

## આશ્રમ આચારસંહિતા :

**મૌન :** આશ્રમનું શાંત વાતાવરણ જાળવવા અર્થે સર્વ જાહેર સ્થળમાં મૌન રાખવા વિનંતી.

**વસ્ત્ર સંબંધી :** આશ્રમમાં સભ્ય પોશાક પહેરવો - સ્લીવલેસ તેમજ હાફ પેન્ટ ન પહેરવાં વિનંતી.

**ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી :** આશ્રમમાં મનાઈ છે. માત્ર જિનમંદિર પ્રાંગણ અને ઍમ્ફિથિયેટર એમ બે સ્થાનની પરવાનગી છે, પરંતુ કોઈ કાર્યક્રમ દરમ્યાન નહીં.

**મોબાઇલ ફોનનો ઉપયોગ :** જાહેરમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરવા વિનંતી. બગીસ્ટૉપની પાછળ અથવા તમારા રહેઠાણમાં ઉપયોગ કરી શકાશે. કાર્યક્રમ દરમ્યાન જો તમારા ફોનની રિંગ વાગે તો તે સ્થાનથી બહાર નીકળી જવા વિનંતી.

**માસિક ધર્મ :** તે દરમ્યાન બહેનોએ મંદિરમાં પ્રવેશ તેમજ ઍમ્ફિથિયેટરમાં ચરણપક્ષાલન ન કરવા વિનંતી. સત્સંગ હૉલ તેમજ ડાઇનિંગ હૉલમાં તેમના માટે અલગ બેઠકવ્યવસ્થા રાખવામાં આવેલ છે.

કંદમૂળ, માંસાહાર, મદિરાપાન, ધૂમ્રપાન તેમજ નશીલા પદાર્થોનાં સેવન પર સખ્ત પ્રતિબંધ છે.

બંદૂક વગેરે શસ્ત્રો આશ્રમમાં લાવવા માટે કડક પ્રતિબંધ છે.

આશ્રમ પરિસરમાં પાળેલાં પ્રાણીઓને લાવવાની મનાઈ છે.

આશ્રમમાં સ્વચ્છતા જાળવવી તેમજ ફૂલો અને પાંદડાં ન તોડવા વિનંતી.

આશ્રમના કર્મચારીઓને અંગત કામ માટે વિનંતી કરવી નહીં અને તેમને વ્યક્તિગત બક્ષિસ આપવી નહીં. જો તમે આશ્રમના કર્મચારીઓ માટે દાન આપવા ઇચ્છતા હો તો દાન વિભાગનો સંપર્ક સાધવા વિનંતી.

## નોંધ :

- સંસ્થા દ્વારા સર્વની જરૂરી કાળજી લેવામાં આવશે. તે છતાં આશ્રમની મુલાકાત દરમ્યાન ગંભીર ઈજા થાય અથવા મૃત્યુ નીપજે તો તેની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે.
- આશ્રમપ્રવેશનો અધિકાર અનામત છે.
- આશ્રમ મૅનેજમૅન્ટને કોઈ પણ સૂચનનું પાલન નથી થઈ રહ્યું એમ જાણ થતાં તે સંબંધી ઉચિત પગલાં લેવા તેઓ અધિકૃત છે.

**ઇમર્જન્સી :** આપત્કાળે આશ્રમના સુરક્ષા સુપરવાઇઝરનો સંપર્ક કરવા વિનંતી.
+૯૧ ૭૨૮૪૦૦૦૯૨૩ / +૯૧ ૭૨૮૪૦૦૦૯૨૪ અથવા
સહાયકાર્યાલય +૯૧ ૭૨૮૫૦૦૦૦૩૮

## સુવિધા તેમજ સેવા :

| સુવિધાઓ | સ્થળ | સમય |
|---|---|---|
| સેવા અર્થે | ડાઇનિંગ કૉમ્પ્લેક્સમાં આવેલ રજિસ્ટ્રેશન ઑફિસ | સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ |
| દાન | ઑફિસ :<br>વેલકમ સેન્ટર<br>ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (અપર લેવલ)<br>જિનમંદિર | સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ |
| આવાસ<br>ભોજનની કૂપન<br>બગીની કૂપન<br>સહાયકાર્યાલય | રજિસ્ટ્રેશન ઑફિસ :<br>વેલકમ સેન્ટર<br>ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (અપર લેવલ) | સવારે ૮:૦૦ થી રાત્રે ૯:૦૦<br>સવારે ૮:૦૦ થી સાંજે ૭:૦૦<br>+૯૧ ૭૨૮૫૦૪૦૯૨૬ |
| ડિવાઇન શૉપ | વેલકમ સેન્ટર<br>ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (અપર લેવલ) | સવારે ૯:૦૦ થી સાંજે ૭.૩૦<br>સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૦૦ |
| કૅફેટેરિયા | વેલકમ સેન્ટર<br><br>ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (અપર લેવલ) | સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦<br>બપોરે ૩:૦૦ થી સૂર્યાસ્ત સુધી<br>સવારે ૧૦:૦૦ થી સૂર્યાસ્ત સુધી |
| મેડિકલ સુવિધા | ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (લોઅર લેવલ) | બપોરે ૧૨:૩૦ થી ૧:૦૦<br>સાંજે ૬:૩૦ થી ૭:૦૦ |
| એટીએમ | ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (લોઅર લેવલ) | ૨૪ કલાક |
| ગ્રોસરી | ડાઇનિંગ કૉમ્પ્લેક્સ (લોઅર લેવલ) | સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦<br>બપોરે ૩:૩૦ થી સાંજે ૬:૩૦ |

## આહાર :

- ભોજનનો સમય નીચે પ્રમાણે છે :

  **નાસ્તો :** સવારે ૮:૦૦ થી ૯:૩૦

  **બપોરનું ભોજન :** બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦

  **સાંજનું ભોજન :** સાંજે ૫:૩૦ થી ૬:૩૦* (સમયમાં થતો ફેરફાર જાણવા આશ્રમ ઍપ જોવા કે ક્યૂઆર કોડ સ્કૅન કરવા વિનંતી.)
- દરેક ભોજનસમયના ૧૫ મિનિટ પૂર્વે ભોજનની કૂપન ખરીદી શકાશે.
- જાહેર સ્થાનમાં ખાવાપીવાની મનાઈ છે.

## આંતરિક પરિવહન :

**ઇલેક્ટ્રિક બગીઓ** દર ૨૦-૩૦ મિનિટે સૂચિમાં દર્શાવેલ માર્ગ મુજબ કાર્યરત રહેશે. બગીસ્ટોપ ઉપર સમયપત્રક મૂકવામાં આવેલ છે. સૂચિની વિશેષ જાણકારી અર્થે ક્યૂઆર કોડ સ્કૅન કરવા અથવા આશ્રમ ઍપ જોવા વિનંતી.

**પાર્કિંગ :** આશ્રમમાં માત્ર એક દિવસ માટે આવનારે તેમની ગાડી વેલકમ સેન્ટરના પાર્કિંગ પાર્કિંગ વિસ્તારમાં પાર્ક કરવી. રાત્રિરોકાણ કરવાના હો તો યાત્રાળુ અને સામાન ઉતારવા તમને આપવામાં આવેલ નિવાસસ્થાન સુધી ગાડી લાવી શકાશે અને ત્યારપછી કૉમન પાર્કિંગ વિસ્તારમાં જ ગાડી પાર્ક કરવાની રહેશે.

## આશ્રમ કાર્યક્રમની રૂપરેખા :

| સમય | કાર્યક્રમ | સ્થળ |
|---|---|---|
| સવારે ૬:૦૦ થી ૬:૪૫<br>સવારે ૬:૪૫ થી ૭:૩૦ | ધ્યાન<br>સવારની આજ્ઞાભક્તિ | ઍમ્ફિથિયેટર* |
| સવારે ૭:૩૦ થી ૭:૪૫ | ચૈત્યવંદન | મંદિર |
| સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સત્સંગ<br>સ્વાધ્યાયકાર દ્વારા સત્ર | યજ્ઞસ્થળ |
| સાંજે ૫:૦૦ થી ૬:૦૦* | ધ્યાન<br>યોગ | યજ્ઞસ્થળ* |
| રાત્રે ૭:૩૦ થી ૮:૦૦* | આરતી | મંદિર |
| રાત્રે ૮:૧૫ થી ૯:૧૫* | કીર્તનભક્તિ<br>સાંજની આજ્ઞાભક્તિ | ઍમ્ફિથિયેટર* |

* ઋતુ અનુસાર સમય અને સ્થળમાં ફેરફાર થશે.

* શિયાળામાં કાર્યક્રમ અડધો કલાક વહેલો રહેશે. ફેરફાર થયેલ સમયપત્રક આશ્રમ ઍપ પર જોવા અથવા ક્યૂઆર કોડ સ્કૅન કરી જાણવા વિનંતી.

- દરેક કાર્યક્રમની ૫ મિનિટ પૂર્વે સ્થાન ગ્રહણ કરવા વિનંતી. કાર્યક્રમ શરૂ થતાં તે સ્થાનનાં દ્વાર બંધ કરવામાં આવશે.
- ૧૨ વર્ષની વયથી નીચેનાં બાળકો સાથે રહીને સત્સંગશ્રવણ કરવા ઇચ્છતાં માતા-પિતા માટે સત્સંગ જોવાની વ્યવસ્થા ડાઇનિંગ કૉમ્પ્લેક્સના અપર લેવલ પર હૉલ-૪માં રાખવામાં આવી છે.

## જિનમંદિર અને ગુરુમંદિરમાં પૂજા :

- **સમય :** પક્ષાલ સવારે ૭:૦૦ | પૂજા બપોરે ૪:૦૦ સુધી | આરતી રાત્રે ૭:૩૦*
- મંદિરસંકુલમાં લૉકર્સ, વસ્ત્ર બદલવા માટે તેમજ સ્નાનગૃહની સુવિધા છે.

## ઍમ્ફિથિયેટર :

- સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત ઍમ્ફિથિયેટરમાં ચરણપક્ષાલ કરી શકાશે.

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન :

- સોમવારથી શુક્રવાર સવારે રાજ ઉપવનમાં આવી શકાશે.
  દર્શનાર્થી માટે સમય સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ | નિર્ધારિત મુલાકાત રાત્રે ૮.૩૦ થી ૯.૩૦
- પૂજ્ય ગુરુદેવશ્રી શનિવાર અને રવિવારે સત્સંગશિબિર અને વિશેષ કાર્યક્રમ હોવાથી કોઈને પણ મળશે નહીં.
- ઈ-મેઇલ દ્વારા કરવામાં આવેલ વિનંતીનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

## નિર્દેશિત આશ્રમપર્યટન :

- આશ્રમનાં મુખ્ય સ્થાનોની મુલાકાત ૪૫ મિનિટની નિર્દેશિત યાત્રા દ્વારા આનંદથી માણો. વેલકમ સેન્ટરથી યાત્રાની શરૂઆત થશે.
- સમય : સવારે ૧૧:૧૫, ૧૨:૧૫, બપોરે ૩:૧૫, ૪:૦૦, સાંજે ૫:૦૦, ૫:૪૫
- વિશેષ માહિતી અને બુકિંગ માટે ઑરિએન્ટેશન રૂમની મુલાકાત લેવા અથવા +૯૧ ૭૨૮૪૦૦૦૯૨૨ પર સંપર્ક કરવા વિનંતી.

## ધ્યાન અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો (વીડિયો) મુલાકાતીઓ માટે :

- પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન અને મિશન વિષેની માહિતી આપતી તેમજ ગાઇડેડ મેડિટેશન પર મુલાકાતીઓ માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલ પરિચયાત્મક વીડિયો ઉપલબ્ધ છે.
- અપર ડાઇનિંગ એરિયામાં હૉલ ૪ની બાજુમાં આવેલ વીઆઈપી ડાઇનિંગ કૉમ્પ્લેક્સમાં વીડિયો નિહાળી શકાશે.
- સમય : સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ વચ્ચે નિશ્ચિત કરેલ સમયગાળામાં. તે અર્થે આશ્રમ ઍપ જોવા કે ક્યૂઆર કોડ સ્કૅન કરી જાણવા વિનંતી.




## આશ્રમનો પરિચયાત્મક નકશો

વેલકમ સેન્ટરથી પ્રારંભ કરી, ક્લૉક ટાવર થઈને ડાઇનિંગ કૉમ્પ્લેક્સ તરફ જતાં નીચેનાં સ્થાનોની મુલાકાત લેવી :

૧. વેલકમ સેન્ટર
૨. ક્લૉક ટાવર
૩. મેડિટેશન ગાર્ડન
૪. ઍમ્ફિથિયેટર
૫. જિનમંદિર અને ગુરુમંદિર સંકુલ
૬. ડાઇનિંગ કૉમ્પ્લેક્સ અને કૅફેટેરિયા
૭. ડિવાઇન શૉપ અને રાજ ઉપહાર
૮. કૉમન પાર્કિંગ

## નિવાસસ્થાન

૯. દેવચંદ્રનિવાસ
૧૦. સાધના અને આરાધના
૧૧. ડીએન એનેક્સ

વિશેષ માહિતી તેમજ નવીન સૂચિપત્ર જાણવા અર્થે ઍપ https://srmd.org/srmdashram ડાઉનલૉડ કરવા અથવા ક્યૂઆર કોડ સ્કેન કરવા વિનંતી.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન
ધરમપુર